# રાષ્ટ્રીય સ્વયંસેવક અને સામાજિક સમરસતા

સંશોધક:
**Dr. Pankaj Shrimali**
**Associate Professor, Department of History,**
**Mrs. Lakshmiben and Mr. Chimanlal Mehta Arts College, Ahmedabad**

---

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના સમયે દેશ ગુલામ હતો. ઈ.સ. ૧૯૪૭માં ભારત દેશ આઝાદ થયો પરંતુ બ્રિટીશરો દેશ છોડતી વખતે ભારત દેશના બે ભાટમાં ભાગલા કરી નાખ્યા તો તેની સાથે સાથે દેશ અનેક સમસ્યાઓ જેવીકે જ્ઞાતિપ્રથા, અસ્પૃશ્યતા, દહેજપ્રથા, વ્યસન, ભાષાકીય ભેદભાવો, પ્રાંતીય ભેદભાવો, એકતાનો અભાવ વગેરેનો સામનો કરી રહ્યો હતો. તેમાં પણ સંખ્યાબંધ રાજકીય નેતાઓ અંગત સ્વાર્થ સિદ્ધિ માટે અવિશ્વાસ અને અલગતાની ભાવનાને પોષી રહ્યા હતા. તેમજ સમાજની મૂળભૂત એકતાના પાયાને જ હચમચાવવાની નિંદાસ્પદ હરકતો કરનારા લોકો સમાજ અને રાષ્ટ્ર માટે મોટું સંકટ હતા.

સંઘ સ્થાપક "ડૉ. હેડગેવારજી"નો સ્પષ્ટ વિચાર હતો કે "સામાજિક પરિવર્તન વિના રાષ્ટ્રની સર્વતોમુખ.... ઉન્નતિ અસંભવ છે."

રાષ્ટ્રીય સ્વ્યંસેવક સંઘના સ્વયંસેવકો એ આ મૂળભૂત વિચારથી જ સામાજિક પરિવર્તનને સાકાર કરવા માટે દેશભરમાં વિવિધ પ્રકારના કાર્યો ઉપાડ્યા છે.

સમાજમાંથી કુરિવાજો અને વિકૃતિઓ માત્ર ભાષણથી કે ઠરાવથી દૂર થઈ શકવાના નથી. તેના માટે નિષ્ઠાથી અને છેક પાયા (Grass Root Level)થી કામ ઉપાડવાથી પરિવર્તન શક્ય છે. નગર, ગ્રામ અને વન તેમજ ગિરીવાસીબંધુઓના ઘર અને ઝુંપડીઓ સુધી પહોંચીને વિનમ્રતા અને આત્મીયતાથી લોકશિક્ષણ અને સામાજિક જાગૃતિ નિર્માણ નળબા વર્ગના લોકોની કમી દૂર કરવાના સંઘે પ્રયાસ કર્યા છે. એટલું જ નહીં સમાજમાંથી અન્ય ભાઈબહેનોને પણ તેઓ પ્રેરણા આપી પોતાના કામમાં જોડી રહ્યા છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવકો માત્ર સેવાકાર્ય કરીને જ સંતોષ ન મેળવતા સેવા-વસ્તીઓમાં રહેતા પરિવારો સાથે અંગત સંપર્ક ઉભો કરીને વિવિધ પ્રકારના કાર્યક્રમો

દ્વારા વસ્તીમાં રહેતા લોકોમાં આત્મવિશ્વાસ ઉભો કરવાના પ્રયાસ કર્યા છે.

આપણા સમાજમાં પ્રત્યેક વ્યક્તિ અને પરિવારને આત્મનિર્ભર બનાવીને બધી વિકૃતીઓથી છૂટકારો મેળવી આપીને સ્વર્થ માજનિર્માણ કરવાનું કામ સંઘ કરી રહ્યું છે. તેમજ વધુનુ વધુ લોકોને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વિવિધ સંગઠનોમાં જોડાવા માટે પ્રેરીત કરાય છે.

રાષ્ટ્રીય ચેતના ફેલાવવાનું કાર્ય તેમજ બીજાને ઉપયોગી થવાની વૃત્તિ તેમજ વ્યસનથી દૂર રહેવાના સંસ્કારો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સમાજના લોકોને પૂરા પાડે છે. દેશમાં જ્યાં સેવાકાર્યો હાથ ધરાયા છે, ત્યાં ત્યાં પરિવર્તન જોવા મળે છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકર્તાઓ દેશભરમાં આશરે ૨૫ હજાર કેન્દ્રોમાં સેવાકાર્યો ચલાવી રહ્યા છે. [૧]

**સામાજિક સમરસતા :**

સૌરાષ્ટ્રની ધરતીમાં સામાજિક સમતા, મમતા અને સમરસતા પહેલેથી જ દ્રઢ મૂળ છે, કારણ કે સૌરાષ્ટ્રની ભૂમિ નરસિંહ મહેતા, દયાનંદ સરસ્વતી તથા મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ તથા કર્મભૂમિ રહેલી છે. આમ છતાં સામાજિક સમરસતાની હાર્દિક અનુભૂતિ વિચાર અને વ્યવહારામાં નિખાલસતાથી પ્રગટે તે પણ એટલું જ જરૂરી છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે તેના સ્થાપના-કાળથી જ વર્ણવ્યવસ્થા, નાતજાત, આભડછેટને અમાન્ય કરેલી છે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્થાપક ડૉ. કેશવ બલીરામ હેડગેવારે સંઘના સ્વયંસેવકોને સ્પષ્ટ કહ્યું હતું કે, "આપણું કાર્ય સમગ્ર હિંદુ સમાજનું સંગઠન છે. હિંદુ સમાજના કોઈપણ અંગની ઉપેક્ષા કરીને એ કાર્ય સિદ્ધ થઈ શકે નહીં. સૌ હિંદુ બાંધવો સાથે આપણો વ્યવહાર પ્રેમપૂર્ણ હોય જ્ઞાતિગત ઉંચનીચનો વિચાર આપણા મનમાં ન આવે કોઈપણ હિંદુ બાંધવોને તુચ્છ અને હલકાં સમજીને ધુત્કારવામાં પાપ છે. સંઘના સ્વયંસેવકોના મનમાં આવા પ્રકારની સંકુચિત કલ્પનાને સ્થાન ન હોઈ શકે."

ડૉ. હેડગેવારજી એ હિંદુ સમાજમાં પ્રચલિત દુષ્ટવૃત્તિ અને તેમાંથી ઉત્પન્ન થયેલા સામાજિક દોષો ઉપર પ્રહારો કર્યા છે. તેમજ તેમણે હિન્દુસમાજમાં પ્રચલિત વિકૃત રૂઢિઓ



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-98-june-2021/RRJ051853

ઉપર વખતોવખત પ્રહારો કર્યા હતા.

ડૉ. હેડગેવારજી એ પોતાની વેદના વ્યક્ત કરતા કહ્યું હતું કે,

“આજે હિંદુ સમાજમાં દુર્ગુણો પરાકાષ્ઠાની સીમાએ પહોંચ્યા છે. પરમેશ્વરે આપણને શા માટે મદદ કરવી જોઈએ ? હિંદુ ધર્મમાં તત્વની શ્રેષ્ઠતા વિશે ક્યાંય બેમત નથી, પરંતુ પ્રત્યક્ષ વ્યવહારમાં તે તત્વ અનુભવાતું નથી.”(૨)

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે જ્ઞાતિપ્રથાનો સ્વીકાર કરેલ નથી. તેમજ સંઘમાં કોઈ કોઈને જ્ઞાતિ વિશે ક્યારેય પૂછતું નથી. ભારતનો ઈતિહાસ તપાસતા જણાય છે કે

“શ્રીકૃષ્ણ, સમ્રાટ અશોક અને શિવાજી મહાન હિંદુશાસકો હતા. તેમણે પણ વર્ણવ્યવસ્થાને મહત્વ આપ્યું નહતું.”

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના દ્વિતીય સરસંઘચાલક શ્રી ગુરુજીએ પણ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને જ્ઞાતિપ્રથા સ્વીકાર્ય નથી. તેમજ દ્રષ્ટિએ તો પ્રત્યેક વ્યક્તિ “હિન્દુ” છે. આ ઉપરાંત તેમની દ્રષ્ટિ એ જ રાષ્ટ્રીય એકતાની વાતો કરનારા લોકો એ જ અલ્પ સંખ્યક, બહુસંખ્યક, અનુસૂચિત જાતિઓ, જનજાતિઓ, પહાડી જાતિઓ, અને વન્ય જાતિઓ, પછાતવર્ગો વગેરેમાં ભારતીય સમાજને વિભાજીત કરી લીધો છે.

શ્રી ગુરૂજી એ જણાવ્યું હતું કે,

“મારા તમે તો મનુષ્ય જે કંઈ કર્તવ્ય હોઈ તે ઊંચનીચનો વિચાર કર્યા સિવાય પોતાની શ્રેષ્ઠતમ શક્તિથી કરતો રહે એ જ સાચો ધર્મ છે. તમામ કાર્યો પૂજા સ્વરૂપ છે. અને પૂજાની ભાવનાથી જ કરવા જોઈએ.”

મહારાષ્ટ્રમાં વ્યાપ્ત રૂઢિચૂસ્ત વાતાવરણ વચ્ચે પણ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ જ્ઞાતિભેદથી પર હતો. એ જાણીને “ડૉ. આંબેડકર” પ્રભાવિત થયા હતા.

પૂ. ગાંધીજીએ ઈ.સ. ૧૯૪૭ દિલ્હી ખાતે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકર્તાઓની શિબીરની લીધેલ મુલાકાતને યાદ કરતા કહ્યું હતું કે,

“હું તમારા અનુશાસન અસ્પૃશ્યતાનો સંપૂર્ણ અભાવ અને ખૂબ સાદાઈથી અત્યંત પ્રભાવિત થયો છું.”



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-98-june-2021/RRJ051853

આ ઉપરાંત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે દિલ્હીની ભંગી કોલોનીમાં કાર્યાલય શરૂ કરેલું હતું. (૩)

**સામાજિક સમરસતા મંચની સ્થાપના :**

તારીખ ૧૪ એપ્રિલ ૧૯૮૩ના રોજ "સામાજિક સમરસતા મંચ"ની સ્થાપના થઈ હતી. તેની સ્થાપના પાછળનો હેતુ સમાજમાં મૂલગામી પરિવર્તન કરવાનો હતો. (૪) આ ઉપરાંત આ દિવસ વિશેષ મહત્વ ધરાવતો હતો કારણ કે તે દિવસે (૧૪ એપ્રિલ) હિંદુ કેલેન્ડર પ્રમાણે પૂ. ડૉ. હેડગેવાજીનો અને અંગ્રેજી કેલેન્ડર પ્રમાણે પૂ. ડૉક્ટર બાબાસાહેબ આંબેડકરનો જન્મદિવસ હતો. બંને મહાનુભાવો એ ગહન ચિંતન કરીને જ્ઞાતિભેદરૂપી રોગનું નિદાન કરીને તે માટેની યોજના સૂચવી હતી. તેથી જ આ મંચનું મહત્વ વધી જતું હતું. (૫)

સામાજિક સમરસતા, તેનાથી સહજપણે નિષ્પન્ન થનાર સામાજિક સમતા તથા આ બંને મજબૂત આધાર ઉપર ઉભી રહેલી રાષ્ટ્રીય એકાત્મકતા ટકી શકે નહી,

સામાજિક સમરસતાનો તથા તેમાં નૈર્સગિકપણું ઉત્પન્ન કરનાર સામાજિકસમતાની પ્રેરણાનું ઉગમસ્થાન સંઘ તથા સંઘની હિંદુત્વ નિષ્ઠા છે. હિંદુત્વનિષ્ઠાના કારણે જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રણેતાઓના મનમાં સામાજિક સમરસતા તથા સામાજિક સમતાના વિષયનો આગ્રહ સ્વભાવિકપણે નિર્માણ થયો હતો. (૬)

દેશના જુદા જુદા રાજ્યોમાં સામાજિક સમરસતા મંચની સ્થાપના કરવામાં આવી છે. જેમાં દક્ષિણ ભારત, બિહાર, મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ જેવા રાજ્યોમાં આ મંચે મહત્વપૂર્ણ કર્યો કરેલા છે. આ ઉપરાંત ગુજરાત તેમજ સૌરાષ્ટ્રમાં પણ સેવાવસ્તી તથા વાલ્મિક વસ્તીમાં ખૂબ જ મોટા પ્રમાણમાં કાર્ય કરેલ છે.

સામાજિક સમરસતાના સૂત્રોને દ્રઢ બનાવવા માટે ઊંચનીચનો ભાવ ખતમ કરવા માટે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવકો એ અનેક પ્રતીકાત્મક ઉદાહરણો પૂરા પાડેલ છે.

કચ્છ જિલ્લાના મુન્દ્રા તાલુકાના ઝારપૂર ગામમાં સ્વયંસેવકો એ ત્યાંના હનુમાન

મંદિરના પૂજારી તરીકે એક દલિત બંધૂની નિમણૂંક કરી અને મંદિરના પૂનઃનિર્માણ બાદ યોજાયેલ એક જાહેર કાર્યક્રમમાં સમગ્ર ગામે કોઈપણ જાતના વ્યસન કે કેફી દ્રવ્યોનું સેવન ન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. અને તે દેવને નામ આપ્યું "વ્યસનીમોચન હનુમાન"(૭)

આ ઉપરાંત રાજકોટમાં પણ ૮૫ જેટલી સેવા વસ્તીઓ છે જેમાં વિવિધ પ્રકારના કાર્યક્રમો થયાછે. (૮) સમગ્ર સૌરાષ્ટ્રમાં સામાજિક સમરસતા મંગે મહત્વપૂર્ણ કાર્યો કરીને સામાજિક સમરસતાના પ્રયાસો કરેલા છે.

## References

(૧) બ્રજેન્દ્ર પાલસિંહ - સેવા દ્વારા સામાજિક પરિવર્તન અનુવાદ દેઉસકર સુમનબેન, પેઠે લતા બહેન. પૃષ્ઠ નં. ૬, પ્રકાશન : સાધના પુસ્તક પ્રકાશન પ્રથમ આવૃત્તિ- ૧૯૯૭.

(૨) પતંગ રમેશ – હુ મનુ અને સંઘ અનુવાદ (મકવાણા કિશોર) પૃષ્ઠ નં. ૮-૯ પ્રકાશન : સાધના પ્રકાશન, અમદાવાદ

(૩) મલકાણી કે. આર. કૃત - આર. એસ. એસ. પૃષ્ઠ નં. ૨૧૬, ૨૧૭, ૨૧૮, ૨૧૯.

(૪) ઠેગડી દતોપંત- સંકેત રેખા. પૃષ્ઠ નં. ૨૨૯ : પ્રકાશ જાનકી પ્રકાશન દિલ્હી પ્રકાશન વર્ષ : ઘર- ૧૦૯૨

(૫) ઠેગડી દતોપંત – સમરસતા સિવાય સામાજિક સમતા અશક્ય અનુવાદક : નરેન્દ્ર મોદી - પૃષ્ઠ નં. ૧, સાધના પ્રકાશન, અમદાવાદ

(૬) ઠેગડી દતોપંત – સમરસતા સિવાય સામાજિક સમતા અશક્ય. અનુવાદ : નરેન્દ્ર મોદી – પૃષ્ઠ નં. ૫૩, સાધનાપ્રકાશન, અમદાવાદ

(૭) શેષાદ્રિ હો.વે. – રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સમયની એરણે. પૃષ્ઠ નં. ૧૪૬-૧૪૭.

(૮) તા. ૦૯/૦૮/૨૦૦૪ના રોજ રાજકોટમાં સેવાકાર્ય સાથે સંકળાયેલા શ્રી રવિભાઈ ગોંડલીયાની રૂબરૂ મુલાકાતમાંથી